# આકરૂન્દ હાઈસ્કૂલમાં કરલો એકઝામ મુઠ્ઠી મેં કાર્યક્રમ યોજાયો

## ધો.૧૦-૧૨ ના છાત્રોને ઉજ્જવળ પરિણામ માટે શુભેચ્છાઓ અપાઈ : જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સદસ્ય સહિત દાતાઓની રૂા.૧૪ લાખની દાનની સરવાણી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૫

ધનસુરા તાલુકાના શ્રી આકરૂન્દ કેળવણી મંડળ-આકરૂન્દ સંચાલિત શ્રીમતી પી.કે.ફણસો વિદ્યાલયમાં આગામી માર્ચ-૨૦૨૨માં ધો.૧૦-૧૨ ની બોર્ડ પરીક્ષા આપવા જઈ રહેલા છાત્રોને કરલો એકઝામ મુઠ્ઠી મેં..કાર્યક્રમ હેઠળ શુભેચ્છા સમારોહ શાળાના નિવૃત્ત શિક્ષક ઈદાલખાન આર. બલોચનો નિવૃત્તિ સમારોહ, તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ પ્રતિભાશાળી પરિણામ લાવનારા શાળા શિક્ષકોના સન્માન સહિતનો કાર્યક્રમ જાણીતા બિલ્ડર, ગ્રોમોર ટ્રસ્ટી હિતેષભાઈ જે. પટેલની અધ્યક્ષતામાં તેમજ દિપેશ્વરી ધામ ઉંટરડાના પ્રમુખ નવીનચંદ્ર આઈ. પંડ્યા, ગ્રોમોર ટ્રસ્ટી મુકેશભાઈ એલ. પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન રમેશભાઈ કે. પટેલ, આકરૂન્દ જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી, એલ.આઈ.સી. ડી.ઓ. અતુલભાઈ ચૌહાણ, આકરૂન્દ તાલુકા પંચાયત સદસ્ય વિણાબેન વિનોદભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ અ.જા.મોરચાના કારોબારી સભ્ય મુકેશભાઈ વી. રાઠોડ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો જેમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સદસ્ય સહિત દાતાઓએ શિક્ષણ સંકુલના વિકાસ માટે ઉમદા હાથે ફંડ-દાન આપી રૂા.૧૪ લાખના દાનની સરવાણી વહાવી હતી. સમારંભના અધ્યક્ષ હિતેષભાઈ પટેલે આકરૂન્દ હાઈસ્કુલની ૬૭ વર્ષની શિક્ષણ પ્રગતિને જાહેરમાં બિરદાવી આવનારા દિવસોમાં શૈક્ષણિક સંકુલ વધુ ને વધુ પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવી હતી.







સમારંભના મુખ્ય વક્તા અતુલભાઈ એચ. ચૌહાણે છાત્રોને બોર્ડ પરીક્ષા માટે શુભેચ્છા આપવાની સાથે અત્યાર સુધીમાં બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોએ તેમની જીંદગીમાં ૩૬ પરીક્ષાઓ આપી છે તેમ જણાવી બોર્ડ પરીક્ષામાં જરા પણ વિચલિત થયા વગર પરીક્ષા આપવા અને કોઈ પેપર નબળું જાય તો તેનાથી જરાપણ નાસીપાસ ન થવા અને આગળના પેપરની સારી તૈયારી કરવા જણાવ્યું હતું તેમજ લક્ષ નક્કી કરવામાં આવે તો તેનું અસરકારક પરિણામ મળે છે તેમ જણાવી બોર્ડ પરીક્ષાના આડે હવે ૧૩ દિવસનો સમયગાળો બાકી છે ત્યારે મોબાઈલનો ઓછો ઉપયોગ અને અભ્યાસ પ્રત્યે વધુ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો. સમારંભ ઉદ્ઘાટક નવીનચંદ્ર આઈ. પંડ્યાએ આકરૂન્દ હાઈસ્કુલમાં યોજાયેલા ત્રિ-વિધ કાર્યક્રમને શુભકામનાઓ પાઠવી હતી. ગ્રોમોર ટ્રસ્ટી મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન રમેશભાઈ કે. પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન રબારી, ધનસુરા તાલુકા પંચાયત દંડક વિણાબેન પટેલે આકરૂન્દ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં યશસ્વી દેખાવ કરી શાળા અને ગામનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા શાળાના નિવૃત્ત શિક્ષક ઈદાલખાન આર. બલોચનું યાદગાર નિવૃત્તિ સન્માન કરી તેમનું નિવૃત્તિમય જીવન લોકઉપયોગી બને તેવી શુભકામનાઓ પાઠવી હતી. નિવૃત્ત થતા શિક્ષકે શાળાના વિકાસ માટે રૂા.૫૧ હજારનું દાન જાહેર કર્યું હતું. બોર્ડ પરિણામમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા ધો.૧૦-૧૨ના છાત્રોને સ્વ.વી.કે.પટેલ (ગઢકંપા) અને શ્રી આઈ.સી.દેસાઈ (નાંણા) પ્રેરક એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. જ્યારે વિષય શિક્ષકો આકાશભાઈ એ. પટેલ, આઈ.આર.બલોચ અનો જે.એમ.પટેલને બોર્ડ પરીક્ષામાં તેમના વિષયમાં ઉત્કૃષ્ઠ પરિણામ બદલ ટ્રોફી જીતી હતી. પ્રારંભે આકરૂન્દ કેળવણી મંડળના સભ્ય સ્વ.જશુભાઈ લવજીભાઈ પટેલ, સ્વ.હરેશભાઈ ભાઈલાલભાઈ સોનીનું કોરોનાના કારણે મોત નિપજ્યું હોવાથી ૨ મીનીટ મૌન પાડી શ્રદ્ધાંજલિ પાઠવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રાર્થના-સ્વાગતગીત પછી ભવ્ય કાર્યક્રમની શરૂઆત થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ નરસીંદાસ એન. પટેલ, સહમંત્રી દિનેશભાઈ એચ. પટેલ, આચાર્ય જે.ડી.ભાટી, ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, તુષારભાઈ પટેલ, ક્લાર્ક જગદીશભાઈ પટેલ તથા શાળા સ્ટાફ અને મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમના અંતે સૌ ભોજન લઈને છૂટા પડયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન આનંદગીરી ગોસ્વામી (રાજેન્દ્રનગર) દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ શાળાના આચાર્ય જે. ટી. ભાટી દ્વારા કરવામાં આવી હતી.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભિલોડા મત વિસ્તારના ધારાસભ્ય સ્વ.શ્રી ડૉ. અનિલ જોષીયારાના પાર્થિવ દેહ પર પૂષ્પાંજલિ અર્પણ કરી સદગતને અંતિમ વિદાય આપી

# ગાંભોઈ હાઈવે બસ સ્ટેશનના સર્વિસ માર્ગો પર ગાબડા પડતા વાહનચાલકો પરેશાન

### છાશવારે ટ્રાફિકજામ અને અકસ્માતોના બનાવો વધ્યા...

ગાંભોઈ, તા.૧૫

હિંમતનગર-શામળાજી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના ગાંભોઈ ગામે ડાયવર્ઝન માટે આપેલ સર્વિસ માર્ગો પર ઠેરઠેર મોટા ગાબડા પડતા આ માર્ગ પર રોજિંદા અવરજવર કરતા વાહનો માટે આ માર્ગો જોખમી બન્યા છે. ગાંભોઈ ગામે પસાર થતાં નેશનલ હાઈવેના સિક્સ લેન નવીનીકરણ માટે ગાંભોઈ બસ સ્ટેશન વિસ્તારમાં ઓવરબ્રિજની કામગીરી હાલ ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન ભિલોડાથી આવતા અને હિંમતનગર તેમજ શામળાજી તરફ જતા વાહનો માટે ગાંભોઈ બસ સ્ટેશન પાસે ત્રણ રસ્તા પર હાઈવે માર્ગની બંને બાજુ સર્વિસ માર્ગો પર ડાઈવર્ઝન આપેલ છે પરંતુ ચોમાસુ ઋતુ દરમિયાન વરસાદી પાણીથી ધોવાઈ ગયેલા આ સર્વિસ માર્ગોનું સમારકામ ન થતા ઠેરઠેર ગાબડાં



પડી ગયા છે. હાલ આ સર્વિસ માર્ગો પરના બાંધકામો દૂર કરી ખુલ્લા કરાયા બાદ ડામર કામ ન થતાં આ ડાઈવર્ઝન સર્વિસ માર્ગો પર પસાર થતા રોજિંદા હજારો વાહનો માટે આ માર્ગો જોખમી બન્યા છે. આ ખખડધજ બની ગયેલો માર્ગના કારણે વારંવાર ટ્રાફિક જામ થઈ જતા વાહનોની રોજેરોજ લાંબી કતારો લાગી જાય છે. સર્વિસ માર્ગ પરના બસ સ્ટેશનના કારણે રાહદારીઓ અને મુસાફર જનતા અકસ્માતોનો ભોગ બને છે. રાતદિવસ વાહનોની અવરજવરથી ધમધમતા આ તમામ માર્ગો પર અનેક નિર્દોષ માનવીનો વાહન અકસ્માતમાં ભોગ લેવાય છે. હાઈવેના નવીનીકરણ માટે ચાલી રહેલા બાંધકામ કામગીરીના જવાબદાર હાઈવે ઓથોરિટીના ઈજારદાર કોન્ટ્રાક્ટર કંપનીની બેદરકારીને કારણે ફરજમાં આવતા આ માર્ગનું સમારકામ કરવામાં ઢીલી નીતિ અપનાવતાં તેમજ ગામડા પુરવામાં ડામર કામ કરવાને બદલે કાચું મટીરીયલ નાખી વેઠ ઉતારતાં આ સર્વિસ માર્ગો વારંવાર તૂટી જાય છે.

## જન્મદિને વધામણી



શશીકાન્તભાઈ સી. ભાટિયા
ગોકુલેશ સોસાયટી, બાયડ

## રક્તદાન મહાદાન

# પ્રાંતિજના ધડી ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કરાઈ

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ધડી ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ની ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ ના ધડી ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવણી કરવામા આવી હતી જેના ભાગ રૂપે પ્રાંતિજ ના ધડી ખાતે આવેલ એમ.બી.દેસાઈ હાઈસ્કુલ ખાતે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ દ્વારા આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મહંત સુનીલદાસજી મહારાજ ધડી કેળવડી મડળ ના મંત્રી ભીખાભાઈ એમ.પંડયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તો ૧૫ મી માર્ચ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ના મહત્વ વિશે વિસ્તૃત મા પ્રાંતિજ ગ્રાહક મંડળ ના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા સમજણ આપવામા આવી હતી.




# મેઘરજના અંતરિયાળ વિસ્તારોમાં લોકોને મનરેગા કામના નાણા નહીં મળતા હોળી પર્વ પૂર્વે હૈયા હોળી

### રામધૂન બોલાવી તંત્ર સામે રોષ

મોડાસા, તા. ૧૫

જાહેર કાર્યક્રમો અને તહેવારોની ઉજવણીમાં કરોડોનો ધુમાડો કરતી ભાજપ સરકારને આજે દેશના ગરીબી રેખા હેઠળ જીવતા લોકોને રોજગારી આપવા માટે ગ્રાન્ટ નથી કે શું મહાત્મા ગાંધી રોજગાર ગેરેન્ટી કાયદા હેઠળ રોજગાર મેળવતા અરવલ્લી જીલ્લાના મેઘરાજ તાલુકાના અંતરિયાળ વિસ્તારના ૩૦૦ થી વધુ ગરીબ પરિવારના લોકોને છેલ્લા ત્રણ મહિનાથી મહેનતાણું નહીં મળતા હાલત કફોડી બની છે હોળી-દૂળેટીના પર્વમાં ગરીબ પરિવારો માટે હૈયા હોળી બને તે પહેલા લોકોએ રામધૂન બોલાવી સરકાર અને તંત્રને ગાઢ નિંદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કર્યો હતો

કેન્દ્રસરકાર દ્વારા ગરીબ





લોકો ને કામ ના પ્રમાણ માં રોજગારી મળી શકે તે માટે મનરેગા યોજના શરૂ કરવા માં આવી છે આ યોજના દ્વારા ગરીબ લોકો ને તળાવોમાં ચોકડી ખોડવી વગેરે કામ આપવા માં આવે છે અને એ કામ ના નિયમ મુજબ નાણાં ચૂકવવા માં આવે છે ત્યારે મેઘરજ ના અંતરિયાળ આદિવાસી વિસ્તારો માં આશરે ૩૦૦થી વધુ પરિવારો એ છેલ્લા ત્રણ માસ થી મનરેગા દ્વારા કરેલ કામના નાણાં ચૂકવવા માં આવ્યા નથી આ ગરીબ લોકો નો હાલ રોજગારી માટે એક માત્ર આધાર મનરેગા ના કામ ઉપર છે ત્યારે છેલ્લા ત્રણ માસ થી ખાવા માટે પણ ફાંફાં પડી રહ્યા છે આદિવાસી સમાજ માટે હોળી એ મુખ્ય તહેવાર ગણાય છે ત્યારે નાના બાળકો પણ તહેવાર ટાણે કપડાં વગર ટળવળે છે ત્યારે આ વર્ષે પૈસા વગર ગરીબોની હોળીના તહેવારમાં હાલત દયનિય બની છે.

મનરેગામાં કામ કરનાર મહિલાના જણાવ્યા અનુસાર, ત્રણ ત્રણ માસ થી કામના નાણાં ના મળતા ઘર નું તંત્ર બદલાઈ ગયું છે ગ્રામજનોએ અનેક વખત તંત્ર માં રજુઆત કરી છે છતાં તંત્ર ના પેટ નું પાણી હલતુ નથી મનરેગાના નાણાં વગર ટળવળું પડતા છેવટે ગરીબ પરિવારોએ હોળી સમયે નાણાં મળે તે માટે પોતાના નિવાસ સ્થાને જ રામધૂન કરી હતી અને તંત્ર ને જગાડવા નો પ્રયત્ન કરી ઝડપી મનરેગા ના હક ના નાણાં માટે માંગ છે

# ડીસાના ખોડિયાર પાર્ક નજીકથી પીકઅપ ડાલાની ઉઠાંતરી

### અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ પોલીસ ફરીયાદ

ડીસા, તા. ૧૫

ડીસાના ખોડિયાર પાર્ક નજીક ઘર આગળ પાર્ક કરેલું પિકઅપ ડાલું કોઈ અજાણ્યા ઈસમ ચોરી ગયા હતા. આ મામલે જીપડાલા માલિકે ડીસા ઉત્તર પોલીસ મથકે પીકઅપ ડાલાની ચોરી બાબતે ફરિયાદ નોંધાવી છે.

ડીસામાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. છાસવારે બનતી ચોરીની ઘટનાઓને લઈ વાહન માલિકોની ઊંઘ હરામ થઈ ચૂકી છે ત્યારે શહેરના ખોડિયાર પાર્કમાં એક પિકપડાલા ની ચોરી થવા પામી છે. જેમાં ખોડિયાર પાર્ક ખાતે રહેતા કાજલબેન દિલીપભાઈ ઠક્કરે પોતાના વ્યવસાય અર્થે પિક અપ ડાલું નં.(૧૨ એ ઝેડ ૯૮૦૨) ખરીદ કરેલ અને તેનો પોતાના વ્યવસાયમાં ઉપયોગ કરતા હતા. ગત તારીખ ૧૨/૩/૨૨ ના રોજ તેમના ડ્રાઈવર દ્વારા આ પીકઅપ ડાલુ ખોડિયાર પાર્ક નજીક કાજલબેનના ઘર આગળ પાર્ક કરી જતા રહેલા જોકે બીજા દિવસે સવારે કાજલબેનના પતિને ઘર આગળ પાર્ક કરેલું પીકઅપ ડાલું નજરે ના ચડતા આ બાબતે તેમણે તેમના ડ્રાઈવરને પૂછતાં તેણે જણાવેલ કે પીકઅપ ડાલું રાત્રે તમારા ઘર આગળ પાર્ક કરી હું ઘરે જતો રહેલો. જેથી આ ડાલું ચોરી થયાનું ધ્યાને આવતા આ બાબતે કાજલબેને ઉત્તર પોલિસ મથકે રૂપિયા ૩ લાખના ડાલાની ચોરી બાબતે ફરિયાદ નોંધાવી હતી. તેથી પોલિસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જિલ્લામાં આંતરરાષ્ટ્રીય હિન્દુ યુવા વાહિની સંગઠન દ્વારા નબળા વર્ગ માટે વિનામૂલ્યે 'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મ દર્શાવાઈ

રાયગઢ તા.૧૫

કાશ્મીરી પંડિતોની ઉપર સન ૧૯૮૯-૯૦ના દાયકામાં થયેલ અત્યાચાર બાદ મોતને ઘાટ ઉતારી રાષ્ટ્રમાં બનેલા પંડિતોના આ જઘન્ય અને શરમજનક નરસંહાર પર તાજેતરમાં લોંચ થયેલ ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સ'ને જોવા મલ્ટીપ્લેક્સ થિયેટરોમાં રાષ્ટ્રપ્રેમી દર્શકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે ત્યારે કાશ્મીરનો વર્ષો જુનો ઈતિહાસ દરેક ભારતીય સુધી પહોંચે તે હેતુથી આંતરરાષ્ટ્રીય હિન્દુ યુવા વાહિની સંગઠન દ્વારા સમાજને સંદેશ આપતી આ ફિલ્મ આર્થિક રીતે નીચલા વર્ગના નબળા લોકો સુધી પહોંચે તે હેતુથી ઉપાડેલ અભિયાન હેઠળ આંતરરાષ્ટ્રીય હિન્દુ યુવા વાહિની ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તથા મ્ઢ ઈન્ટરનેશનલ બ્રોકિંગ પ્રા.લિમિટેડના સ્ઢ શ્રી ભુપેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન



હેઠળ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના મલ્ટિપ્લેક્સ થિયેટરોમાં ૧૪મી માર્ચ સોમવારના રોજ સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી વિનામૂલ્યે ફિલ્મ જોવાની વ્યવસ્થા કરી જનજાગૃતિનું અનોખુ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ અભિયાન હેઠળ બંને જિલ્લાના નબળા વર્ગના પરિવારોના સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ફિલ્મને નિહાળી અહોભાવ વ્યક્ત કર્યો હતો. લોક જાગૃતિ અભિયાન હેઠળ આંતરરાષ્ટ્રીય હિન્દુ યુવા વાહિની સંગઠનના સર્વશ્રી નરેશભાઈ પ્રજાપતિ, રાજવીરસિંહ પરમાર, ધવલભાઈ પટેલ, અજયસિંહ મકવાણા, નીતિરાજસિંહ પુવાર, ભુપેન્દ્રસિંહ ચૌહાણ, કમલેશ ચૌહાણ વગેરે કાર્યકરો જોડાયા હતા.

# ગાયત્રી પરિવાર બાયડ ધનસુરા દ્વારા સામુહિક સત્યનારાયણ કથાનુ આયોજન

ધનસુરા, તા.૧૫

ગાયત્રી પરિવાર બાયડ ધનસુરા ધ્વારા સત્યનારાયણ કથા નુ ભવ્ય સામુહિક આયોજન કરવામાં આવ્યું છે.તારીખ ૨૭-૩-૨૦૨૨ ને રવિવારે સવારે ૭-૩૦ કલાકે ધનસુરા ખાતે આ સામુહિક સત્યનારાયણ કથા નુ આયોજન કરવામાં આવ્યું છે ધનસુરા માં આવેલ દેવીયા મહાદેવ ના મંદિર ખાતે આ સામુહિક સત્યનારાયણ કથા નો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જે પરિજનો ની કથા મા બેસવાની ઈચ્છા હોય તે નામ નોંધણી કરાવી શકશે જે માટે મુકેશભાઈ.જે.શાહ મો નં ૯૪૨૭૮૮૪૦૪૮, દિલીપભાઈ પટેલ મો નં ૯૩૨૮૯૮૪૮૮૫, મહેન્દ્રભાઈ પટેલ મો નં ૯૪૦૯૬૮૭૪૦૨ નો સંપર્ક કરી શકાશે.

# ધાનેરા તાલુકાના વોડા ગામે આમળી અગિયારસ નિમિત્તે ભવ્ય ભાતીગળ મેળો ભરાયો

ધાનેરા તા. ૧૫

ગુજરાત એ લોક ભાતીગળ મેળા થી પ્રખ્યાત છે અને ગુજરાતમાં લોક મેળાનું ખૂબ જ મહત્વ છે.



આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ જણાવે છે કે, વાર તહેવારે ગુજરાતના અનેક વિસ્તારોમાં લોક ભાતીગળ મેળા ભરાતા હોય છે.

ત્યારે આજે આમળી અગિયારસ નિમિત્તે ધાનેરા તાલુકાના વોડા ગામે ભવ્ય ભાતીગળ મેળો ભરાયો હતો. ધાનેરા તાલુકાના વોડા ગામે લીલાધારી મહાદેવનું મંદિર આવેલું છે .અને આ મંદિરે દર વર્ષે આમળી અગિયારસ નિમિત્તે ભવ્ય ભાતીગળ મેળો ભરાતો હોય છે ત્યારે આજે પણ આમળી અગિયારસ નિમિત્તે ભવ્ય ભાતીગળ મેળો ભરાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભગવાન શિવના દર્શન કરીશ મેળાની મોજ માણી હતી.